

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વિકાસ પટકાય પાછો હવે, બૂલેટ ગતિ એ...*
*ને દોસ્તી ખાય પછડાટ, હવે બૂલેટ ગતિ એ...*
*ફૂટે ફણગા, બૂલેટ ગતિથી ફૂક્યા જે બણગા -*
*સમજુ પ્રજાનું દોડે મગજ, બૂલેટ ગતિએ...*

### હાઈકુ

*ચીન - જાપાન,*
*ને લુચ્ચું અમેરિકા -*
*બનાવે 'બાબુ'...*

*બદલી નાખો!*
*- ને કરો 'ભારતીય' -*
*'હિંદુત્વ' નામ...*

### ચિંતન

***ન્હાયો ધોયો કયા ભયો ? મન કો મેલ ન જાય,***
***મીન સદા જલ મેં રહે, ધોવે ગંધ ન જાય.***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે ઓછે કે 'હે મનુષ્ય ! ન્હાવા ધોવાથી શું વળ્યું ? એથી કંઈ મનનો મેલ દૂર થયો ? એમ જો હોત તો માછલી તો જીવનપર્યંત જળમાં જ રહે છે તેથી કંઈ એના શરીરની દુર્ગંધ થોડી ઓછી થાય છે? માટે શરીર ધોવાથી મનનો મેલ કે આત્માનું કલંક કંઈ જવાનું નથી. પણ એ ઉપરથી કોઈએ એવું નથી સમજવાનું કે માણસે સ્નાન જ ન કરવું. કબીર ઉપદેશ આપતા કહે છે કે માણસે પોતાના શરીરની જાળવણી માટે આહાર, સ્નાનનિદ્રાં વગેરે જે કંઈ કરવું પડે તે વિવેકપૂર્વક કરવું. શરીરની સાથે મનની અને આત્માની શુદ્ધિએથી પણ વધુ જરૂરી છે. ફક્ત સ્નાન કરી દેહ શુદ્ધ કરવાથી ધર્મનું આચરણ કર્યાની ગેરસમજ ન ધરાવવી.'**

### સુવિચાર

- બુદ્ધિ વડે શાસ્ત્રોને જાણી શકાય છે, પણ શસ્ત્ર વડે બુદ્ધિ જાણી શકાતી નથી,
  જેમ સામે દીવો કરવા છતાં, ચક્ષુહીન તેને જોઈ શકતો નથી - **ચાણક્ય**
- જીવવું એ એક રાક્ષસી સંજોગો સામેનો સંગ્રામ છે, આપણા હૃદય સાથેનો એક સંગ્રામ છે - **કવિ ઈબ્સન**
- ગર્વ આપણા વિકાસની ઘણી બધી સંભાવનાઓને અકડાઈના બોજ નીચે દાબી રાખે છે - **ઉમાશંકર જોષી**
- બ્રાહ્મણો અને બુદ્ધિમાનોનાં હૃદયમાં દેવ છે,
  અલ્પબુદ્ધિવાળા માટે મૂર્તિમાં અને આત્માને જાણનાર માટે સર્વત્ર દેવ છે- **જનકલ્યાણ**
- કોઈના ગુણની પ્રશંસા કરવામાં પોતાનો સમય બગાડો નહી,
  એના ગુણોને અપનાવવાનો પ્રયાસ કરો - **કાર્લ માર્ક્સ**
- સજાથી કદાચ એક ખોટો માણસ સાચો નહીં બને પણ
  સો સાચા માણસો ચોક્કસ ખોટા બનતા અટકી જશે - **અરબી કહેવત**
- આજનું ઔષધ : મીઠા લીમડાના પચાસ પાન નવશેકા એક ડોલ પાણીમાં એક કલાક રહેવા દઈ તે પાણીથી વાળ ધોવાથી વાળ ખરતા અટકે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સાચા સૂફી સંત બહાઉદ્દીન ના પ્રભાવથી અંજાઈને દૂર દૂરથી લોકો તેમને મળવા આવતા. એમના એક શિષ્યને એમ થયું કે હું પણ બહાઉદ્દીન જેવો પ્રભાવશાળી બની જઉં. સંતને ખ્યાલ હતો કે શિષ્યનો ઈરાદો કંઈક જુદો જ હતો. તેમણે તેને સમજાવતા કહ્યું, 'તું બીજાને પ્રભાવિત કરવા માગે છે, એ વાત ધ્યાનની વિરુદ્ધ છે. તારે મારા જેવા પ્રભાવશાળી બનવા માટે ભીતરી વાસના ભૂલવી પડશે. ઉત્કંઠાઓ સંસારમાં પરોવાયેલી રહેશે તો કંઈ આધ્યાત્મના માર્ગે આગળ વધી શકાશે નહીં.' શિષ્યમ માટે તેમ ન હતો. સુફી સંતે એકવાર પોતાની પાસેની એક દાબડીમાંથી ચમકતો કિમતી હીરો કાઢ્યો અને દર્શનાર્થીઓને કહ્યું, 'આ હીરો અંત્યત મૂલ્યવાન છે, જેવું સત્ય મૂલ્યવાન છે અને આ હીરો ચમત્કારી છે.' શિષ્યને ખ્યાલ આવી ગયો કે જો પોતાની પાસે આ હીરો આવી જશે તો પોતે પણ બહાઉદ્દીનની જેમ પ્રભાવી બની જશે અને લોકો તેની પાસે આવવા લાગશે. એક રાત્રે એણે પેલો હીરો ચોરી ભાગી ગયો. વર્ષો સુધી હીરો એની પાસે હોવા છતાં એ કોઈને પ્રભાવિત તો ન કરી શક્યો. પણ કોઈ એને પાણીનું પણ પૂછવા ન આવ્યું. વર્ષો પછી સંત બહાઉદ્દીન એને મળ્યા અને કહ્યું, 'પેલો હીરો પાછો આપો.' શિષ્યએ કહ્યું, 'વર્ષોથી આ હીરો મેં રાખ્યો પર મારા પાસે કોઈ આવ્યું જ નહીં શી ગરબડ છે?' સંતે જવાબમાં કહ્યું, 'જયાં સુધી તું પોતે જ હીરો બની જાય ત્યાં સુધી તારા હાથમાં રહેલો હીરો પણ પથ્થર બની જશે, જો તું સ્વયં હીરો બની જશે તો તારા હાથમાં આવેલો પથ્થર પણ હીરો થઈ જશે. તું કયાં લગી બહારની આસક્તિમાં અટવાતો રહીશ? આ હીરામાં એવું કંઈ જ નથી માટે તું એ હીરો મને પાછો આપી દે. મેં જ તારાથી છૂટકારો મેળવવા જ મેં હીરાનું નાટક રચેલું, તું હીરો લઈને ભાગ્યો ત્યારે હું જાગતો જ હતો, હજી સમજી જા, હું હીરો માંગવા નથી આવ્યો. પણ તને લેવા આવ્યો છું, હવે તો તારામાં અક્કલ આવી જવી જોઈએ.' શિષ્યએ સંતને વંદન કર્યા અને એમની સાથે ચાલી નીકળ્યો.

# અમેરિકા ઘૂસણખોરોને તગેડી રહ્યું છે

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાને લેન્ડ ઑફ ઑપર્ચ્યુનિટી ગણીને દુનિયા આખી ત્યાં વસી જવા ટાંપી રહે છે. ભારત કયારેક 'સોને કી ચિડિયા' ગણાતું હતું. પરંતુ કાળક્રમે એણે એ વૈભવી ઓળખ ગુમાવી દીધી છે. કોલંબસ અમેરિકા શોધવા નહોતો નીકળ્યો. એને તો 'ઈંડિયા'માં પહોંચવું હતું. એ રસ્તો ભૂલ્યો અને એનું વહાણ અમેરિકાના દરિયા કિનારે જઈ લાગ્યું. તે વખતે અમેરિકામાં રહેતી જંગલી પ્રજાનો તાંબા વરણો ચહેરો જોઈ કોલંબસે એમને 'રેડ ઈન્ડિયન' નામ આપ્યું હતું. છેક ૧૪૯૨થી અમેરિકાની ધરતીનું બાકીની દુનિયાને ઘેલું લાગ્યું છે જે એની બાંધી મૂઠી ઊઘડી ગયા પછી પણ એવું ને એવું રહેવા પામ્યું છે. કાયદેસર અમેરિકા જઈ કામધંધો કરનારા ગરીબ દેશોના લોકો પોતાના ભાઈભાંડુઓને પણ અમેરિકા ઢસડી જવા લાગ્યા અને ત્યાં સેટલ કરવા લાગ્યા. આમાં ભારતના લોકોની સંખ્યા ઘણા મોટી છે. ગેરકાયદેસર અમેરિકામાં ઘૂસેલા ભારતીયો કોઈ ને કોઈ હોટલ-મોટેલમાં ઓછા પગારે કામ કરે છે અને પોલીસથી છુપાતા ફરે છે. આવું છાનુંસપનું અને એશિયાળું જીવન એમને સદી ગયું છે કારણ કે ભારતમાં એમની લાયકાત મુજબનું કામ જ નથી અને અહીં નાના કે ઓછી પ્રતિષ્ઠાવાળાં કામ કરતાં શરમ આવે છે જયારે અમેરિકામાં જઈ અહીંના ઉજળિયાત વરણના લોકો દારૂ અને મટનની દુકાનોમાં કામ કરવામાં હીણપત નથી અનુભવતા. સંડાસ સાફ કરવામાં એમને સંકોચ નથી થતો. ત્યાં ગયા પછી ફક્ત ડૉલર સામે જ નજર રહેતી હોય છે. આ ડોલરિયા દેશમાં ભારત-ચીન જેવા વસતિ વિસ્ફોટવાળા દેશોમાંથી તણાઈ આવતા ઘૂસણખોરો મૅક્સિકો સાથેની પોલી સરહદમાં થઈ પચીસ-પચીસ હજાર ડૉલરની લાંચ આપી અમેરિકાની હદમાં આવી જાય છે. રીતસરનો ધંધો ચાલે છે. આ ધમધમતા ધંધા સામે અમેરિકા પ્રમુખે કરડી આંખ કરી છે અને ઑક્ટોબરની શરુઆતથી આવા ઘૂસણખોરોને પાછા ખદેડવાનો સંકલ્પ અમલી બનાવ્યો છે. ભારતમાંથી આ રીતે વરસેદહાડે ત્રણ-ચાર હજાર લોકો ગેરકાયદેસર ઘૂસણખોરી કરતા હતા, જે સંખ્યા હવે વધીને ત્રણ ગણી થઈ ચૂકી છે. આ વર્ષે ઘૂસેલા ભારતીયોની સંખ્યા નવ હજારે પહોંચી છે. ટ્રમ્પ એમને લીલા તોરણે પાછા કાઢવાનો નિર્ણય લઈ ચૂક્યા છે. એક તરફ તેઓ ભારત સાથે મીઠા સંબંધો જાળવવા અને વિકસાવવા ઉત્સુક છે. ચીન-પાકિસ્તાનને અવગણીને તેઓ ભારતને મહત્ત્વ આપી રહ્યા છે. કદાચ આગામી પ્રજાસત્તાક પર્વના મુખ્ય મહેમાન તરીકે પણ પધારે તેવી શક્યતા છે. પરંતુ એમની 'અમેરિકા ફર્સ્ટ' પોલિસી મુજબ વધુમાં વધુ રોજગાર સ્વદેશી નાગરિકોને મળે તે એમનો નિરધાર છે. એમની વિઝા પોલિસી પણ આ મુજબ વધુ કડક બની છે. અહીંથી અમેરિકા કઈ કામધંધો કરી રહેલા અધિકૃત વિઝાધારકોને પણ પાછા મોકલવાની કૂટનીતિ અમલી બનાવાઈ રહી છે. ખાટલે મોટી ખોડ એ છે કે ટેકનોક્રેટ્સ અને વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો તો અમેરિકાએ ભારત અને ચીન જેવા બૌદ્ધિક સંપદા ધરાવતા દેશોમાંથી જ આયાત કરવા પડે છે.

# આધાર સામાન્ય ગણાતા બંધારણની કલમ ૧૪ના ભંગ સમાન ચુકાદો



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

સર્વોચ્ચ અદાલતે ચાર વિરૂધ્ધ એક મતથી આધાર કાર્ડને માન્યતા બક્ષી જનતાને નિરાધાર બનતી બંધારણની કલમ ૧૪ તથા ૧૧૦ ના નિયમના છડેચોક ઉલ્લંઘનને લીલી ઝંડી આપતો ચુકાદો આપી જનતાના અધિકાર ઉપર તરાપ મારેલ છે. બેન્ક ખાતા તથા મોબાઈલ નંબર માટે આધાર કાર્ડ ફરજીયાત નથી બીજી ઓળખપત્રો જેવા કે ચૂંટણી કાર્ડ, ડ્રાયવીંગ લાસન્સ પહેલાની માફક માન્ય ગણાશે પરંતુ સવાલ એ છે કે જે બેન્ક ખાતા આધાર કાર્ડથી લીંક કરેલ છે તે બેન્કો અનલીંક કરી શકશે? જે મોબાઈલ કંપનીઓએ ગ્રાહકોના ડેટા સેવ કરેલ છે તે ડિલીટ કરશે કે પ્રાઈવેટ કંપનીને ડેટા વેચશે ?

ઈન્ટરનેટ ઉપર વિવિધ સેવાઓ આપતી કંપનીઓ તેના ગ્રાહકોના અધિકારનો છડેચોક ભંગ કરે છે પરંતુ ગ્રાહકોને તેના અધિકારનો ભંગ થયાની ઘણી જ મોડી ખબર પડતા આવી કંપનીઓ ઉપર પગલા ભરી શકતા નથી.આધાર કાર્ડનો બે વાતમાં વિરોધ જનતાએ નોંધાવેલ એક પ્રાથમીકતાના અધિકાર અને બીજો સરકારે ખરડાને મનીબીલ તરીકે પસાર કરી ખોટો ઉપયોગ કર્યો. ગયા વર્ષે સુપ્રિમ કોર્ટે નવ ન્યાયાધીશની બેચે નિજતાને અધિકારનો મુળભુત અધિકાર ગણી ચુકાદો આપેલ જે કેસમાં પાંચ જજોની કમીટીએ ચાર વિરૂધ્ધ એકથી ચુકાદો પસાર કરી આધારને બેન્ક અને મોબાઈલ સેવામાં મરજીયાત કરતો ચુકદો આપી આધારને માન્ય ગણેતો હુકમ આપેલ છે. વ્યક્તિની માહિતીનો ત્રાહિત પાર્ટી, ખાનગી વેન્ડર્સ દ્વારા દૂર ઉપયોગ થવાની ૧૦૦ ટકા ખાત્રી હોવા છતાં જનતાના નિજતાના અધિકાર ઉપર બંધારણની કલમ ૧૪ ના ભંગ સમાન હુકમ આપેલ છે તેમજ પ્રાયવેસી એકટ તથા બંધારણની આર્ટીકલ ૧૧૦ ના વિસંગત ચુકાદો નિષ્ણાંતોએ ગણેલ છે.

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ કબુલ્યું છે કે નાગરિકોના જે ડેટા સંગ્રહે છે તે નિજતાના અધિકાર બંધારણની કલમ ૧૪ ના ભંગ સમાન છે આઈટી એકટમાં તેનો દુરઉપયોગ બેન્ક સાથે ડેટા લીંક થવાથી વ્યક્તિના ખાતાની માહિતી લીંક થાય છે બંધારણીય ખાતરીઓને શકયતાઓને અલગોરીધમ અને ઈકોલોજીકલ ચડાણ ઉતારના ભરોસે ના છોડી શકાય. હજુ પણ નિજતાના અધિકાર બાબતે નવા ડેટા લીંક બાબતે સંખ્યાબંધ કેસો થવાના જ છે આ અધિકાર અંગે કાનૂની સમજ ઘડતી જશે ઈન્ટરનેટ ઉપર વિવિધ સેવાઓ આપતી બહુરાષ્ટ્રીય કંપનીઓ તેના ગ્રાહકોના અધિકારનો છડેચોક ભંગ કરે છે જેના ભંગ થયાની ગ્રાહકોને તો લગભગ ખબર જ પડતી નથી અને ખબર પડે તો પણ મલ્ટીનેશલ કંપની સામે વ્યક્તિગત રીતે કાનૂની લડાઈ જીતી શકે તેવી પરિસ્થિતિ હોતી નથી જેનો લાભ મલ્ટીનેશલ કંપનીઓ ગ્રાહકોના ડેટા અન્ય જગ્યાએ વેચી ભરપુર લાભ ઉઠાવે છે અત્યારે કંપનીઓ બેન્કો ગ્રાહકોની અઢળક માહિતી મેળવી પ્રાઈવેટ કંપનીઓ તે ડેટા વેચી લાખો રૂપિયા કમાય છે નવા ઉત્પાદનો વેચવા ગ્રાહકોની જરૂરીયાત હોય તે પ્રમાણે બાયોડેટાના બલ્ક બનાવી વેચાણ કરવામાં આવે છે રેડીમેટ ડેટાના કંપનીઓ મોં માગ્યા દામ ચુકવે છે જેનો ભોગ જનતા બને છે.

હવે આધાર એક કાયદો બન્યો હોય તેની જોગવાઈઓને અદાલતમાં પડકારી શકાશે તથા નુકશાન વળતર પણ મેળવી શકાશે અત્યાર સુધી આધારનો અધિકાર માત્ર યુઆઈડીએઆઈના અધિકારીઓ ને જ હતો આમ નજીકના ભવિષ્યમાં આધારના ડેડાનો એકટને પડકારતી અરજીઓ કોર્ટમાં આવશે. સરકારે આ બીલને મની બીલ નાણા ખરડા તરીકે સંસદમાં મંજુર કરાવી લાગુ કરાવી સંસદીય ધારાધોરણનો ભંગ કર્યો છે. મની બીલને મંજુર કરવા રાજયસભાની મંજુરીની જરૂર ના રહેતા ભાજપ લોકસભામાં બહુમતીના જોરે આ બીલને નાણા બીલ તરીકે મંજુરી આપી નિજતાના અધિકાર તથા બંધારણીય કલમ ૧૪ ના ભંગ સમાન બીલ બહુમતીના જોરે પાસ કરાવી દીધેલ. ઘણીવાર લોકસભામાં મંજુર થયેલ ખરડો રાજયસભામાં બહુમતીના અભાવે અટકી ગયો હોય દા.ત. ટ્રીપલ તલાક ખરડો લોકસભામાં મંજુર થયેલ પરંતુ રાજય સભામાં અટકતા મોદી સરકારે ખરડાને વટહુકમ બહાર પાડી મંજુર કરેલ.

આધાર કાર્ડની માન્યતાનો મામલો ૨૦૧૬ માં મનીબીલ તરીકે રાજયસભામાં મોકલી આપેલ છે જેમાં કોંગ્રેસની બહુમતી હોય બીલને સાત જજોની કમીટીમાં સુપ્રિમમાં મોકલી નિર્ણય કરાવવાનો પેંતરો ઘડાયો ભવિષ્યમાં લોકસભાના સ્પીકર આને મનીબીલ જાહેર કરે તો અદાલત તેનો રીવ્યુ કરી શકશે હવે જોવાનું એ છે કે કોંગ્રેસ નિજતાના અધિકાર માટે જનતા તરફે રહે છે કે બીલને સરેન્ડર થાય છે હાલમાં જે ગ્રાહકોના ડેટા બેન્ક કે મોબાઈલ નેટવર્ક સાથે લીંક થયા છે તેને ડિલીટ કરવાનું કાર્ય અઘરૂ જ નહિ અશકય છે જનતાના નિજતાના અધિકાર ઉપર તરાપ સમાન ચુકાદો છે.

આધાર ડેટાના સંગ્રહ પ્રતિબંધ સેકશન ૩૩(૧) તથા ૩૩(૨) ગેરકાયદેસર ગણવામાં આવ્યા સેકશન ૫૭ માં જેમાં એવી જોગવાઈઓ હતી કે કોઈપણ નાગરિકની ઓળખ ઉભી કરવાના હેતુથી સરકાર અથવા ખાનગી કંપનીઓ આધાર ફરજીયાત પણે માંગી શકે છે તે રદ કરવામાં આવેલ છે સેકશન ૪૭ કે જેમાં યુઆઈડીએઆઈ સીવાય અન્ય કોઈ નાગરિક કેસ કરી શકતો ન હતો તે સેકશન હટાવી દેવામાં આવી છે ઈન્કમટેક્ષ સેકશન ૧૩૯(એએ)ને માટે માત્ર આધાર ફરજીયાત કરેલ છે પાન કાર્ડ બનાવવા આધાર ફરજીયાત કરેલ છે.

# વિષાદ અને આનંદથી પર એવી મનની અવસ્થા છે



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

એવું જ માગું મોત,
હરિ, હું તો એવું જ માગું મોત !
આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત,
અંત સમે એવા ઓતરડાની હોય ન ગોતાગોત!
હરિ, હું તો એવું જ માગું મોત !

આજે મનનો કોઈ જુદો જ મિજાજ છે. ગુમાવ્યાની ગણતરી નથી, તો જે કંઈ મળ્યું છે એનો નશો પણ નથી. ઘણું બધું મેળવી લેવાની કોઈ મહત્ત્વાકાંક્ષી સ્પૃહા નથી. વિગતનો કોઈ ભાર નથી, તો અનાગતની કોઈ અકળાવનારી છાયા નથી. કશાયનું મૂલ્ય આંક્યા વિના આંખ ભરી ભરીને બધું જોઉં છું. વિષાદ અને આનંદથી પર એની મનની અવસ્થા છે.

કવિતા લખવાનું મન થાય એવું વાતાવરણ છે. પણ કોરા કાગળને કોરો રાખવાની પણ કોઈ જુદી જ મજા છે. એટલા માટે જ કવિતા લખવાનું ટાળું છું. પતંગિયા જેવા ઊડતા શબ્દોને કાગળમાં જકડી નથી દેવા. નિર્ભયતાથી ચણતાં પારેવાંની જેમ આ શબ્દોને એમ ને એમ રાખવા છે; જાળ નાખીને પકડી લઈને પિંજરમાં પૂરી નથી દેવા. આજે કવિતા લખવી નથી, જીવવી છે. જીવનમાં કેટલી બધી કવિતા છે અને જીવન કેવું કાવ્યમય છે, એની જ વાત કરવી છે.

ચાલવાનું મન થાય એવા રસ્તા છે, સૂર્યનું પ્રથમ કિરણ થઈને લંબાવાનું મન થાય એવું આંગણું છે, પંખી થઈને કૂંજવાનું મન થાય એવાં વૃક્ષો છે, પ્રેમ કરવાનું મન થાય એવી વ્યક્તિ છે, તો પૂજવાનું મન થાય એવી વિભૂતિ પણ છે, માછલી થઈને તરવાનું મન થાય એવું જળ છે, ચંદ્ર થઈને ઊગવાનું મન થાય એવું આકાશ છે, રાતરાતી થઈને મહેકવાનું થાય એવો અંધકાર છે, ગીત થઈને રેલાઈ જવાનું મન થાય એવા સહૃદય શ્રોતાઓ છે. આખી સૃષ્ટિને આલિંગનમાં લઈ લઉં એટલો છલકતો પ્રેમ છે. જાગી ગયા હઈએ પછી સ્મૃતિઓ મમળાવવાનું મન થાય એવી અધમીંચેલી આંખ જેવી સવાર છે. નહીં ફળેલાં સપનાંઓને દુ:ખની જરીક અમથી પણ લાગણી વિના, જાણે કે મ્યુઝિયમમાં ફરતા હોઈએ અને જોઈએ એ રીતે, જોવાની અલિપ્ત અવસ્થા છે. છે... છે... છે.

જીવનમાં કેટલું બધું છે ! હૃદય નાનું પડે એટલો બધો આનંદ છે. જળમાં સ્થળમાં નભમાં, પવનમાં બધે જ જીવનની ફૂલપગલીઓ દેખાય છે.

**- સુરેશ દલાલ**

ભારદ્વાજ નામે એક વિદ્યાર્થી ગુરુ ઘેર રહી વિદ્યા ભણ્યો અને સ્નાતક થયો. ગુરુએ આજ્ઞા દીધી : 'રોજ રોજ સ્વાધ્યાય કરજે; સ્વાધ્યાયમાં આળશ કરતો નહિ. નિત્ય નિરંતર સ્વાધ્યાયથી તારામાં તેજસ્વિતા આવશે અને પિતૃઓનું સાચું તર્પણ થશે.' ભારદ્વાજે મનમાં ગાંઠ વાળી કે સ્વાધ્યાયમાંથી ચલિત થવું નહિ, જ્ઞાનથી જાતે પરિપુષ્ટ થવું અને પિતૃઓને સંતુષ્ટ કરવા.

રાત ને દિવસ એણે સ્વાધ્યાય કરવા માંડ્યો. સવાર, બપોર, સાંજ એનું પઠનપાઠન ચાલ્યા કરે. ભણવું અને ભણાવવું, શીખવું અને શિખવવું - આ જ એનું એકમાત્ર કર્તવ્ય બની ગયું. બેસતાં ઊઠતાં પણ સ્વાધ્યાય અને હાલતાં ચાલતાં પણ સ્વાધ્યાય. આમ વર્ષો વીતતાં ગયાં - બે પાંચ કરતાં સો વરસ થઈ ગયાં. હવે એ ઋષિ તરીકે સુકીર્તિત થયા હતા. તેમનો સ્વાધ્યાય તો હજી ચાલુ હતો.

યમરાજને થયું કે ઋષિનો પૃથ્વી પરનો સમય પૂરો થઈ ગયો છે. એમને હવે અહીં લઈ આવવા જોઈએ. પણ એમને તેડી લાવવા પોતાના કોઈ દૂતને નહિ મોકલતાં એ પોતે જ પૃથ્વી પર પધાર્યા, ભારદ્વાજની સામે આવી ઊભા, ને બોલ્યા : 'ચાલો !'

ઋષિ તો સ્વાધ્યાયમાં ડૂબેલા હતા, યમરાજે ત્રણ વાર કહ્યું ત્યારે એમણે સાંભળ્યું છે. તેમણે કહ્યું : કોણ છો તમે ? અહીં કેમ પધારવું થયું આપનું ?'

'હું યમરાજ છું - મૃત્યુનો દેવ. તમને લઈ જવા આવ્યો છું.'

ભારદ્વાજે કહ્યું : 'હજી મારો સ્વાધ્યાય પૂરો થયો નથી, પિતૃતર્પણ પૂરું થયું નથી. હું નહી આવી શકું.'

યમરાજ પાછા ફરી ગયા. સ્વાધ્યાય - કર્મમાં વિક્ષેપ કરવાની તેમની હિંમત ચાલી નહીં.

બીજાં સો વર્ષ વહી ગયા. યમરાજ ખુદ ફરી ભારદ્વાજને તેડવા આવ્યા. ભારદ્વાજ તો સ્વાધ્યાયમાં લીન હતા. કહે : 'હજી મારો સ્વાધ્યાય અધૂરો છે, પિતૃતર્પણ અધૂરું છે. હું નહિ આવી શકું.'

યમરાજ ફરી આવી હાથે પાછા ફર્યા. સ્વાધ્યાયના પવિત્ર કાર્યમાં વિક્ષેપ કરવાની તેમની હિંમત ચાલી નહિં. જતાં જતાં કહેતા ગયા કે, 'હવે હું તમને તેડવા નહિ આવું. તમારી મરજી પડે ત્યારે આવજો !'

આમ એમના સ્વાધ્યાયના બળે ભારદ્વાજને સ્વેચ્છા - મૃત્યુનું વરદાન મળી ગયું.

વળી બીજાં સો વર્ષ વહીં ગયા. સ્વાધ્યાય પૂરો થયો. જ્ઞાનકર્મની ઉપાસનાથી તેઓ તપોમૂર્તિ બની ગયા હતા. તેમના સ્વાધ્યાયથી દેવો સંતુષ્ટ હતા, પિતૃઓ સંતુષ્ટ હતા, પૃથ્વી સંતુષ્ટ હતી.

તેમને કહ્યું : 'મારું કાર્ય પૂરું થયું છે. હવે મારું અહીં કામ નથી. હું જાઉં છું.'કહી એ જાતે યમસદન પહોંચી ગયો છું.' કહી એ જાતે યમસદન પહોંચી ગયા.

આવું છે સ્વાધ્યાયનું બળ. જે નિત્ય સ્વાધ્યાય કરે છે, સદ્‌ગ્રંથોનું વામનમનન, અધ્યયન-અધ્યાયન કરે છે તે મૃત્યુ પર વિજય મેળવી યશસ્વી બને છે અને પિતૃઓને સંતુષ્ટ કરી કુળને યશસ્વી બનાવે છે.

**- રમણલાલ સોની**

**Last seen :**

અંતિમ શ્વાસ લગી આતમની અવિરત ચલવું ગોત :
ઓતપ્રોત હોઉં આપ મહીં જયારે ઊડે પ્રાણ-કપોત !
હરિ, હું તો એવું જ માગું મોત !...
ઘનવન વીંધતાં, ગિરિગણ ચડતાં, તરતાં સરિતાસ્રોત,
સન્મુત સાથી જનમજનમનો : અંતર ઝળહળ જયોત !
હરિ, હું તો એવું જ માગું મોત !

- કરસનદાસ માણેક

- nehalgadhavi101@gmail.com

# બેંગલુરુ રિટર્ન હાર્દિક પટેલ ગુજરાતની સાથે વિદેશવાસી પટેલોને ય ઢંઢોળશે



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

આપણામાંના ઘણાએ બ્રુસલીનાં એક્શન મૂવીઝ જોયાં હશે.આપણે ત્યાં એક્શન મૂવીઝનો હીરો હાર્દિક પટેલ હવે પાછો ફરીને કયા નવા આંદોલનનાં મંડાણ કરે છે એના ભણી સૌની નજર છે. કર્ણાટકમાં જિન્દાલના નેચરોપથી સેન્ટરેથી શિવાજી-ભગતસિંહમાંથી ગાંધીજીનો મારગ અપનાવવાનો દાવો કરનાર ઉપવાસવીર હાર્દિક ભરતભાઈ પટેલે ફરી રણશિંગું ફૂંક્યું છે. વોટ્સઅપ સંદેશા મીડિયા સુધી પહોંચ્યા છે કે મીડિયાના મિત્રો, હવે હું પરત આવી ગયો છું. મારી મુલાકાતો લેવી હોય તો આવી જજો. તાજોમાજો થઈને પાછો ફરેલો ભાઈ હવે કોઈ નવી રાજરમતોનો ખેલ પાડવાનો છે. આ વખતે એના હમસફર રહેશે સી.કે. પટેલ. પાટીદાર આયકન બનેલો હાર્દિક હવે સી.કે.ના ખીલાના જોરે અમેરિકા કે ઈંગ્લેન્ડમાં જઈને પાટીદાર આંદોલન ચલાવે તોય નવાઈ નહીં ! ભાજપી સરકારે સી.કે.ને હાર્દિક પટેલ આણિ મંડળી ભળાવી લાગે છે. ચાલો, ભૈઈ હાર્દિક પટેલ કયા ખીલે જોર કરતો હતો અને પાટીદારો માટેની આભાસી અનામત માટેના આંદોલનની આડશે ફૈબા આનંદીબહેન પટેલ અને કાકા નીતિન પટેલને મુખ્યમંત્રીપદથી છેટે રાખવાનો ખેલ ખેલતો હતો એ સત્ય ઝગારા મારતું સૌની નજર સામે આવ્યું. સત્તારૂઢ ભાજપ અને વિપક્ષી કોંગ્રેસ બંને સાથે મળીને પાટીદાર અનામત આંદોલનને નામે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતને માથે લેનારી, ચાલતી રહેલી કવાયતો હવે ખુલ્લી પડી જ ગઈ છે. સુરતના "પાસ"ના અગ્રણી અને ધારાશાસ્ત્રી અલ્પેશ કથીરિયાને જેલમુક્ત કરાવવા માટેના પ્રયાસો હજુ અખંડ ચાલે છે. વિધાનસભાની છેલ્લી ચૂંટણી પહેલાં સુરતમાં હાર્દિક પટેલ મહારેલી કરે, ભાજપને પાડી દેવાની હાકલ કરે, મહારેલીમાં લાખો પાટીદારો અને અન્ય કોમોના કાર્યકરો જોડાય અને ચૂંટણી પરિણામમાં તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજયી બને ! બાત કુછ હજમ ન હુઈ,પણ હવે લોકસભા ચૂંટણીમાં એનું રિરન ભજવાશે.

**કોંગ્રેસી ધારાસભ્યને ભગવો ખેસ**

હવે લોકસભાની ચૂંટણી માથે છે. ભાઈ હાર્દિક બેંગલુરુમાં તાજોમાજો થઈ રહ્યો હતો ત્યારે સુરતમાં "મા ઉમિયા અને મા ખોડલના સોગંદ ખાઈને" લાલજી પટેલ, દિનેશ બાંભણિયા, દિનેશ સાબવા, મનોજ પનારા અને બાકીના તમામ પટેલ આંદોલનકારી એક થઈને ફરી નવા આંદોલનના કાર્યક્રમો જાહેર કરવાની તૈયારીમાં હતા. મુખ્યમંત્રી તરીકે આનંદીબહેન પટેલની નિશ્રામાં અમુક સમાજસુધારણા આંદોલન ચાલ્યાં અને પાછળથી સામી છાવણીની રાજકીય નેતાગીરીમાં ફેરવાયાં. અમેરિકા-ગુજરાતનિવાસી સી.કે.પટેલ અમરસિંહ યુગમાં કોંગ્રેસની ટિકિટ પર જીતી નહીં શકેલા હવેના ભાજપી નેતા અને પાટીદાર સમાજના અગ્રણી તરીકે રિમોટથી આ આંદોલન ચલાવશે કે વંડી ઠેકવાની તૈયારી કરીને લીલી ઝંડીની પ્રતીક્ષામાં બેઠેલા કોંગ્રેસી ધારાસભ્યો "પાસ"ના હોવાનો રાગ આલાપશે, એ ભણી સૌની મીટ મંડાયેલી છે. ભાજપના સુપ્રીમોને મળવા ગયેલા ભાજપી ગોત્રના કોંગ્રેસી ધારાસભ્યને ભગવો ખેસ પહેરાવવામાં તો માંડ ૨ % મતનો ફાયદો થવાનો અંદાજ હોવાની ચોખવટ સાથે નન્નો ભણાયો. ભાદરવાના ભીંડાની જેમ શંકરસિંહ પણ "હમ ભી પડે હૈં રાહોં મેં" કરવા માંડ્યું છે. ભાજપના બેય હાથમાં લાડુ છે : દિલ્હીએ ઉત્તર ગુજરાતના કોંગ્રેસી ધારાસભ્યોને કમળને વહાલું કરવાને બદલે પંજામાં જ જય માતાજી કહીને ભીતરાઘાત માટે ભગવી ઝંડી આપી છે. સૌરાષ્ટ્રના કોંગ્રેસી ધારાસભ્યો વંડી ઠેકે તો જય ઉમિયા કે

- **ભાદરવાના ભીંડાની જેમ દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાએ પણ "હમ ભી પડે હૈં રાહોં મેં" કરવા માંડ્યું છે**
- **વચનોનાં ગાજર કે પાસની ભાષામાં લોલીપોપ લટકાવીને આંદોલન ચાલતું રહે તો બહુમતી બેઠકો ભાજપ જીતે**
- **શ્યામજી કૃષ્ણવર્માના ગુરુ આર્યસમાજના સંસ્થાપક દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ ટંકારા ભણી સત્તાધીશો ઉદાસીન**
- **મનોજ પનારા ભલે ભાજપમાં જોડાયા ના હોય, પણ કોંગ્રેસી મોરબી પાલિકા પર ભાજપનો ભગવો લહેરાવ્યો ખરો**

જય ખોડીયારનો ઘોષ કરાશે.

**પાટીદાર આંદોલનના પ્રશ્નો ઠેરના ઠેર**

ભાજપને પોતાની શક્તિમાં વધારો કરવો છે,આંદોલનકારીઓએ સત્તા સાથે સંધાણ સાધવું છે, ઉપવાસ છાવણીથી ભાંડવામાં આવેલા સી.કે.સહિતનાની જાહેર માફી છતાં પટેલોના આંદોલનના બધા મુદ્દા તો ઠેરના ઠેર જ રહ્યા છે.પટેલોને અનામત મળી નથી, મહારાષ્ટ્ર ભાજપી સરકારથી વિપરીત ગુજરાતની ભાજપી સરકાર પટેલોને અનામતની શક્યતા નકારે છે. જે ૧૪ પટેલ યુવકો શહીદ થયા, એમના મુદ્દે ન્યાય થવાનો ઉધાર છે અને બહેન-મા-દીકરીઓ સાથેના નિર્લજ્જ પોલીસ વ્યવહાર અંગે એકેય પોલીસ દંડાયો નથી.પોલીસ અત્યાચારની તપાસ માટે નિયુક્ત જજ કે.એ.પૂજ ચૂંટણી આવે અને જાય ત્યાં લગી અહેવાલ આપવાની સ્થિતિમાં નથી.એમના વિશે ઘણા વિવાદ ચાલે છે.ઉપરાંત થોડાંક મહિનામાં એ અહેવાલ આપે તો પણ દોષિતો વિરુદ્ધ ચૂંટણી સુધી કાર્યવાહી અશક્ય છે.વચનોનાં ગાજર કે પાસની ભાષામાં કહીએ તો લોલીપોપ લટકાવીને આંદોલન ચાલતું રહે તો પણ રાજ્યની બહુમતી બેઠકો પર ભાજપ જીતે એ પ્રકારનું સુરતની ચૂંટણી પહેલાંની પેલી મહારેલી જેવું જ ચિત્ર ઊભું કરવાના આયોજન માટે તખ્તો રચાઈ ગયો છે. કોંગ્રેસ તો મોંઢું વકાસીને પાટીદાર આંદોલન થકી પતાસું એના મુખમાં પ્રવેશ કરવાની પ્રતીક્ષામાં જ રહેશે. ના એની પાસે ભાજપની જેમ કાર્યકર્તાઓની કેડર છે કે ના એની તિજોરી નાણાંથી છલકાય છે. અનામત આંદોલનનો વ્યવસાય ખાસ્સો બરકતવાળો હોવાના સંકેતો તો હાર્દિકભાઈએ પચાસ હજારનું વસિયતનામું કર્યું ત્યારે પડખામાં બેસનારા સાથીઓએ જ ટીવી ચેનલો પર "ઓફ ધ સ્ક્રીન" કરેલા વ્યંગ્યમાં મળી જતા હતા.

**માથે ચૂંટણી, ભાજપ-કોંગ્રેસ ભાઈ-ભાઈ**

સુરતના ડાયમંડ માર્કેટવાળા પૂર્વ ભાજપી ધારાસભ્ય તરીકે અભ્યાસી પણ કાયમના અસંતુષ્ટ રહેલા ધીરુભાઈ ગજેરા લોકસભા અને વિધાનસભાની ચાર-ચાર ચૂંટણી કોંગ્રેસી ઉમેદવાર તરીકે લડ્યા અને હાર્યા. એમના ભાઈ વસંત ગજેરા જેલવાસી થયા પછી ચમત્કાર થયો.આત્મજ્ઞાન લાધ્યું. કોંગ્રેસમાં કોઈ ભાવ પૂછાતો નથી અને પ્રજા ભાજપ સાથે છે, એવું કબૂલીને એમણે ફરીને ભાજપના કેસરિયા ખેસની કામના જાહેર કરી. આમપણ ગુજરાતમાં ભાજપ સાથે કોંગ્રેસની મિલીભગતનાં એંધાણ તો ક્યારનાંય મળતાં જ હતાં. પહેલા તબક્કે કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાએ સ્વજન નેતાદ્વય નરેન્દ્ર મોદી અને અમિત શાહની ગેઈમ રમવા માંડી હતી. એ પછી અંતિમ તબક્કાની ગેઈમ "ગરીબડા બિચારા" હાર્દિકના પંદર હજારના ભાડાવાળા મહાલયમાં આમરણ ઉપવાસ અને પચાસ હજાર રૂપિયાના વસિયતનામામાં રમાઈ. દેશભરના તમામ નોંધપાત્ર કહી શકાય તેવા મોદીવિરોધી છાવણીના નેતાઓએ હાર્દિકબાબાની છાવણીએ દર્શને આવીને પાવન થવાનો ઉપક્રમ સંપન્ન કર્યો. સમગ્ર નાટકની સંપૂર્ણ સ્ક્રિપ્ટ ક્યાં લખાઈ એ સ્પષ્ટ છે. યુવા પટેલ બાબાના છેલ્લા અને એકમેવ પ્રવક્તા મનોજ પનારાને મોરબી કોંગ્રેસના જિલ્લા પ્રમુખપદે મૂકાવવાની હજુ હમણાં સુધી શીખભલામણો ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ સુધી થઈ હતી. મનોજ પનારાના વલણે સ્પષ્ટ કરી દીધું છે કે પાટીદાર આંદોલનનો રાજકીય લાભ બધાએ લેવો જ છે.જોકે મોરબી જિલ્લાના ઓબીસી આગેવાનોએ પનારાને જિલ્લા પ્રમુખ બનાવાય એ સામે વિરોધ નોધાવ્યો છે. ક્યારેક રાજવી પરંપરા માટે જાણીતા નગર મોરબીની પાલિકાની છેલ્લી ચૂંટણીમાં કુલ ૫૨ સભ્યોમાંથી કોંગ્રેસને બહુમતી મળી હતી.સાત મહિના કોંગ્રેસે શાસન કર્યું,એ પછી ગાંધીનગરના સત્તાધીશોએ કળા કરી.કોંગ્રેસના પાંચેક સભ્યોને ફોડ્યા.બાર મહિના ભાજપ હસ્તક રહી. દરમિયાન ભાજપ સાથે ભળેલા સભ્યો સસ્પેન્ડ થવાની કાનૂની પ્રક્રિયા ચાલી. એમની બેઠકો ખાલી જાહેર કરાઈ. છ મહિના પહેલાં ફરી કોંગ્રેસનું શાસન આવ્યું. પેટાચૂંટણીમાં કોંગ્રેસની લાજ ગઈ અને ભાજપના શાસનનું વાજતેગાજતે પુનરાગમન થયું.

**મોરબી આંદોલનનું એપી-સેન્ટર**

ગુજરાતનાં જનઆંદોલનોમાં મોરબી એનું પ્રવૃત્તિ-કેન્દ્ર (એપી સેન્ટર) રહ્યું છે. પાટીદાર અનામત આંદોલન શરૂ થયું વડાપ્રધાન નરેન્દ્ર

અનુસંધાન પાના નં ૭ પર